Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# ભર્તૃહરિની અધિકરણ કારક વિષયક મીમાંસા

ડૉ. ભારતી એ. પટેલ
સંસ્કૃત વિભાગ
સરકારી વિનયન કૉલેજ, ઝઘડીયા

ભર્તૃહરિ વિરચિત 'વાક્યપદીય' ગ્રન્થ એ શબ્દાર્થ નિર્ણયની વિચારણા કરતો ગ્રન્થ છે. આ ગ્રન્થ ત્રણ કાણ્ડમાં વહેચાયેલો છે : (1) બ્રહ્મકાણ્ડ, (2) વાક્યકાણ્ડ અને (3)પદકાણ્ડ. આ ત્રણ કાણ્ડમાંનો પ્રથમ બ્રહ્મકાણ્ડ અને દ્વિતીય વાક્યકાણ્ડ એક સમાન પદ્ધતિથી લખાયા છે; તેમાં અલગ પ્રકરણો પાડવામાં આવ્યા નથી. બ્રહ્મકાણ્ડમાં બ્રહ્મતત્વ એમ કહેતા શબ્દતત્ત્વની વિચારણા છે, વાક્યકાણ્ડમાં વાક્ય તથા વાક્યાર્થની વિચારણા છે અને ત્રીજા કાણ્ડમાં પદ વિષયક વિચારણા રજૂ કરવામાં આવી છે. અહીં એક-એક વિષય લઈને કુલ 14 બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે અને તેને ઉદ્દેશ-સમુદ્દેશ એવું નામ આપવામાં આવ્યું છે. તેમાં જાતિ, દ્રવ્ય, સમ્બન્ધ, ગુણ, દિક્ વગેરેની ચર્ચા કર્યા પછી સાતમા સમુદ્દેશમાં સાધન અર્થાત્ કારકની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. અહીં ભર્તૃહરિએ અધિકરણકારક અંગે જે મત આપ્યા છે, તે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પાણિનિએ અષ્ટાધ્યાયીમાં અધિકરણનું લક્ષણ આપતાં "आधारोऽधिकरणम् ।"1-4-45। એમ કહ્યું છે. અર્થાત્ ક્રિયાની સિદ્ધિમાં આધારને પાણિનિએ 'અધિકરણ' માન્યું છે. ભાષ્યકાર પતંજલિ વિવરણ કરે છે તે પ્રમાણે "જ્યાં પદાર્થને અમુક વસ્તુના આશ્રય તરીકે બતાવવામાં આવતો હોય, ત્યાં આશ્રય બનેલા પદાર્થને 'આધાર' કહેવામાં આવે છે." આવા આધારની જ પાણિનિએ અધિકરણ સંજ્ઞા કહી છે. જેમકે, देवदत्तः कटे आस्ते । અહીં દેવદત્તનો આધાર કટ છે તેથી તેની અધિકરણ સંજ્ઞા થાય છે. આ પછી सप्तम्यधिकरणे च । એવા સૂત્રથી 'જે પદની અધિકરણ સંજ્ઞા હોય, તેને સપ્તમી વિભક્તિ પ્રયોજાય છે' એવો સૂત્રનિયમ હોવાથી 'કટ' શબ્દને સપ્તમી વિભક્તિ પ્રયોજવામાં આવી છે. અહીં અધિકરણ સંજ્ઞાના પ્રસંગમાં કોઈ ક્રિયા વિશેષનો નિર્દેશ નથી, તેથી સામાન્ય રીતે જોતાં બધી જ ક્રિયાઓની સિદ્ધિમાં 'આધાર' બનતા પદાર્થને પાણિનિ અધિકરણ માને છે; એમ પ્રથમ દ્રષ્ટિએ સમજાય છે, પણ આ પછીના ત્રણ સૂત્રો अधिशीङ्स्थासां कर्म ।1-4-46।, अभिनिविशश्च ।1-4-47। અને उपान्वध्याङ्वसः ।1-4-48। જોતાં જણાય છે કે બધી જ ક્રિયાઓનો આધાર અધિકરણ સંજ્ઞા માટે અપવાદ પણ છે.

આથી સામાન્ય રીતે જોતાં પાણિનિએ 'આધાર' એ જ અધિકરણ છે, એટલું જ કહીને મૌન સેવ્યું છે. તેથી અધિકરણનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ થતું નથી. તો વળી, બીજી બાજુ અષ્ટાધ્યયીમાં'અધિકરણ' શબ્દ જુદા જુદા અર્થમાં પણ પ્રયુક્ત થયેલો દ્રષ્ટિગોચર થાય છે, જેમ કે કારક પ્રકરણમાં 'અધિકરણ" સંજ્ઞાવાચક શબ્દ છે, તો અન્યત્ર કેટલાક ઠેકાણે તેનો 'દ્રવ્ય' એવો અર્થ પણ જોવા મળે છે. દા.ત. विप्रतिषिद्धिं चानाधिकरणवाचि । અહીં 'અધિકરણ' શબ્દથી 'દ્રવ્ય' અર્થ લેવામાં આવ્યો છે. આ સ્થિતિમાં ભર્તૃહરિએ કારકસંજ્ઞા તરીકેના અધિકરણનું શાસ્ત્રીય લક્ષણ આપતાં જણાવ્યું છે કે,

कर्तृकर्मव्यवहितामसाक्षात्धारयत्क्रियाम् ।

उपकुर्वत्क्रियासिद्धौ शास्त्रेऽधिकरणं स्मृतम् ।।

"કર્તા અને કર્મથી વ્યવહિત એટલે કે કર્તા અને કર્મ દ્વારા ક્રિયાને પરોક્ષ રીતે ધારણ કરનાર અર્થાત્ તેમનો આશ્રય બનનાર તથા ક્રિયા સિદ્ધિમાં ઉપકારકને શાસ્ત્રમાં 'અધિકરણ' કહે છે." પાણિનિએ આપેલી અધિકરણ કારકની વ્યાખ્યા કરતાં, ભર્તૃહરિએ આપેલી વ્યાખ્યામાં 'કર્તા અને કર્મથી વ્યવહિત' અને 'અસાક્ષાત્ એટલે કે પરોક્ષ રીતે ક્રિયાનો આશ્રય' એ બે બાબતો નવી ઉમેરવામાં આવી છે અને તેથી અધિકરણનું લક્ષણ ઘણું જ સ્પષ્ટ અને સુચારું બન્યું છે.

એ પછીની સાત કારિકાઓમાં ભર્તૃહરિએ અધિકરણના ભેદો કે પ્રકારોની ચર્ચા કરી છે. ભર્તૃહરિએ ભાષ્યકારે દર્શાવેલ અધિકરણ ના ત્રણ પ્રકારો – વ્યાપક, ઔપશ્લેષિક અને વૈષયિકને જ  ગ્રાહ્ય કર્યાં છે. જો કે ભર્તૃહરિએ ત્યાં તે અધિકરણના પ્રકારો માટે ભાષ્યકારની જેમ વ્યાપક, ઔપશ્લેષિક અને વૈષયિક એવા નામોનો ઉલ્લેખ કર્યો નથી. ભર્તૃહરિ જણાવે છે કે –

उपश्लेषस्य चाभेदस्तिलाकाशकटादिषु ।
उपकारास्तु भिद्यन्ते संयोगिसमवायिनाम् ।।

"તલ, આકાશ અને સાદડી (એવા અધિકરણો)માં (આધાર–આધેય) સમ્બન્ધ જુદા જુદા નથી, પરંતુ સંયોગ અથવા સમવાયથી જોડાયેલા પદાર્થોના ઉપકારો જુદા જુદા સમજાય છે." ભર્તૃહરિએ અહીં વ્યાપક અધિકરણના 'तिलेषु तैलम्।' ઔપશ્લેષિકના 'कटे आस्ते ।' અને વૈષયિક અધિકરણના 'खे शकुनयः ।' એવા ઉદાહરણોને લક્ષ્યમાં રાખી અધિકરણના પ્રકાર વિષેની ચર્ચાનો વિસ્તાર કર્યો છે.

(1) વ્યાપક અધિકરણ – જે અધિકરણમાં આધેય પદાર્થ અધિકરણના બધા જ અવયવોમાં વ્યાપ્ત હોય, તો તે અધિકરણને "વ્યાપક અધિકરણ" કહેવામાં આવે છે. જેમ કે, तिलेषु तैलम् । અહીં 'તલ' ના બધા જ અવયવોમાં 'તેલ' વ્યાપ્ત છે. આથી 'તલ' ને વ્યાપક અધિકરણ તરીકે ઓળખવામાં આવે છે.

(2) ઔપશ્લેષિક અધિકરણ – જે અધિકરણમાં આધેયરૂપ પદાર્થ એકદેશ સમ્બન્ધી રહેલો હોય, તો એ અધિકરણને ઔપશ્લેષિક અધિકરણ કહેવામાં આવે છે. જેમકે , कटे आस्ते । અહીં કટ(=સાદડી)ના એકદેશ કે એક ભાગમાં તે (=દેવદત્ત) વ્યાપ્ત છે, જ્યારે કટનો બાકીનો ભાગ ખાલી રહે છે . આથી 'કટ' એ 'ઔપશ્લેષિક અધિકરણ' છે, એમ સમજાય છે.

(3) વૈષયિક અધિકરણ – જે અધિકરણમાં આધેયરૂપમાં પદાર્થ વિષયતા સમ્બન્ધથી રહેલો હોય તો તે અધિકરણને 'વૈષયિક અધિકરણ' માનવામાં આવે છે. જેમ કે, खे शकुनयः । અહીં શકુનિ રૂપ આધેય વિષયતા સમ્બન્ધથી આકાશરૂપ અધિકરણમાં અવસ્થિત છે, તેથી આકાશને વૈષયિક અધિકરણ કહેવામાં આવે છે.

અહીં ઉપર્યુક્ત ત્રણેય અધિકરણના ઉદાહરણોમાં આધાર-આધેય ભાવરૂપ સમ્બન્ધ તો એક જ પ્રકારનો છે, છતાં તે આધાર–આધેય ભાવ ક્રિયાસિદ્ધિમાં જુદી જુદી રીતે ઉપકારી બનતો હોય છે અને એને લીધે વિવિધ પ્રકારની દૃશ્યમાન સ્થિતિઓ માલૂમ પડે છે. જેને લીધે ત્રણેય પ્રયોગમાં જુદા જુદા અધિકરણો બતાવવામાં આવ્યા છે. જેમ કે, तिलेषु तैलम् ।માં તેલ માટે નાશ ન પામીને 'તલ' રૂપ આધાર તેલ ઉપર અથવા તેલની સત્તા ઉપર ઉપકાર કરે છે, તો कटे आस्ते ।માં 'કટ' પોતાની ઉપર બોસનાર ભારનું વહન કરીને દેવદત્તની આસન ક્રિયા ઉપર ઉપકાર કરે છે. તે જ રીતે खे शकुनयः ।માં આકાશ પક્ષીઓને નીચેના પ્રદેશ સાથે ન પડવા દઈને શકુનિની સત્તાક્રિયામાં અથવા ઉડ્ડયન ક્રિયામાં ઉપકાર કરે છે. આ રીતે અહીં આધાર–આધેયભાવ સમ્બન્ધ તો સમાન રૂપે છે. છતાં ક્રિયાસિદ્ધિ માટે થતો ઉપકારભાવ કંઈક  જુદા જુદા પ્રકારનો છે; જેને લીધે અધિકરણત્વ  પણ જુદું જુદું ભાસે છે.

આ રીતે અધિકરણના બધાં જ ઉદાહરણોમાં ઉપશ્લેષ એટલે કે આધારાધેયભાવ સમ્બન્ધ તો એક જ પ્રકારનો હોય છે, પણ તે અધિકરણ રૂપ પદાર્થો ક્રિયામાં જુદી જુદી રીતે ઉપકારક બનતા હોઈ, વ્યાપક, ઔપશ્લેષિક અને વૈષયિક એવા ત્રણ ભેદમાં જુદા જુદા પ્રતીત થાય છે, એવી એક નવીન બાબત અહીં ભર્તૃહરિ જણાવે છે.

ત્યારપછી ભર્તૃહરિ દેશવાચક અને કાળવાચક અધિકરણ અંગે ચર્ચા કરતાં જણાવે છે કે –"જો કે 'ઉપવાસ એટલે કે અનશનનું કાર્ય કોઈ સ્થાન વિશેષની અપેક્ષા રાખે છે, છતાં શબ્દ પ્રયોગની સ્વાભાવિક શક્તિને લીધે 'ઉપવાસ' નું કાર્ય 'કાળ' ઉપર વધારે અવલંબે છે. આથી 'उपवस्'ના પ્રયોગમાં દેશવાચક શબ્દનો પ્રયોગ હોય કે ના હોય, પણ તે અધિકરણકારક બને છે; અને એ જ રીતે કાળવાચક કોઈ શબ્દનો પ્રયોગ હોય કે ન હોય, પણ તે કર્મકારક બને છે. આમ ભર્તૃહરિએ 'उपवस्'ના પ્રયોગમાં દેશવાચક શબ્દની અધિકરણસંજ્ઞા અને કાળવાચક શબ્દની કર્મસંજ્ઞા જ થાય છે; એવી એક વ્યવસ્થા આપી દીધી છે. આ રીતે ભર્તૃહરિએ વાક્યપદીયમાં અધિકરણ કારક અંગે વિસ્તૃત ચર્ચા હાથ ધરી છે.

**સન્દર્ભ ગ્રન્થ**


१. श्रीगोपालदत्तपाण्डेयः (१९९९). व्याख्याकारः वैयाकरणसिद्धान्तकौमुदी प्रकाशक-चोखम्बा सुरभारती प्रकाशन, वाराणसी, पञ्चम संस्करण

૨. ભટ્ટ, વસન્તકુમાર મ.(૧૯૮૪). कारकप्रकरणम्- સમ્પાદક - પ્રકાશક - સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

૩. કમલેશકુમાર છ. પાણિનીય વ્યાકરણ પરમ્પરામાં કારક-મીમાંસા-સમ્પાદક ચોકસી-પ્રકાશક - ડૉ. કમલેશકુમાર છ. ચોકસી, અમદાવાદ.

૪. શુક્લ, જે. એમ. (૧૯૮૪). વાક્યપદીયમ્ (ગુર્જર ભાષાનુવાદ સહિત) અનુવાદક : પ્રકાશક : લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદ.